ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૧૧-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

શાહજાદા અને સાહેબજાદાની લડાઈ

લોકશાહીમાં વાણી સ્વાતંત્ર્યનો મહિમા છે. એ બંધારણે બક્ષેલો મૂળભૂત અધિકાર છે. પરંતુ દરેક અધિકારને એક વણલખી લક્ષ્મણરેખા પણ હોવી જોઈએ. વાણી સ્વાતંત્ર્યના નામે માણસ એલફેલ બોલે તે ન જ ચલાવી લેવાય. ચૂંટણી પંચે કૉંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને આઈએસઆઈ મુઝફ્ફરનગરના પીડિત પરિવારોના યુવાનો સાથે સંપર્ક સ્થાપિત કરી એમને ભડકાવી રહી હોવાનું વિધાન કર્યું હતું એમાં સત્ય હોવા છતાં એ વિધાનથી લઘુમતી સમાજની લાગણી ઘવાઈ હતી. તેથી ચૂંટણી પંચે રાહુલ ગાંધીને નોટિસ પાઠવીને ખુલાસો માગ્યો હતો. સંપૂર્ણ તૈયારી સાથે પક્ષના કપિલ સિબ્બલ જેવા વરિષ્ઠ કાનૂની નિષ્ણાતો દ્વારા ડ્રાફ્ટ કરાયેલ ખુલાસો પણ ચૂંટણી પંચને સંતોષકારક નહોતો લાગ્યો. એથીય વધારે આઘાતજનક હતો ભાજપ દ્વારા નરેન્દ્ર મોદીના 'ખૂની પંજા' વાળા વિધાનનો ખુલાસો. મોદી એ શબ્દ પ્રયોગ કૉંગ્રેસના ચૂંટણી પ્રતીક માટે જ કરે છે, પરંતુ એવો ખુલાસો કરાયો કે અહીં રૂઢી પ્રયોગની રીતે જ આ શબ્દ પ્રયોગ કરાયો હતો, એમાં કૉંગ્રેસના ચૂંટણી નિશાનને હલકું ચીતરવાનો આશય નહોતો. ચૂંટણીપંચે મોદીનો ખુલાસો માન્ય કરેલ નથી. 'ખૂની પંજો' કહી પ્રેક્ષકો- શ્રોતાવર્ગની તાળીઓ મેળવતા મોદી કૉંગ્રેસના નિશાનને જ ટાર્ગેટ કરતા હોવાનું ચૂંટણી પંચે સ્વીકાર્યું છે. એણે ખૂબ કડક ચેતવણી પાઠવી છે અને જાહેરજીવનમાં પરસ્પર વિવેકપૂર્ણ સંયમિત ટીકા-ટિપ્પણ કરવાનો બદલે આટલી હદે નીચા ઊતરી જવા બદલ રાજકારણીઓને લબડધક્કે લીધા છે. પાર્ટીઓ એકમેકની ટીકા મુદ્દા આધારિત કરે ત્યારે પણ ભાષાવિવેક ન ચૂકે તેવી ચૂંટણી પંચની અપેક્ષા એ કેવળ એક આદર્શ છે. રાજકારણી એક એવું ખૂંખાર પ્રાણી છે જે ચૂંટણી રણમેદાનમાં ભુરાયું થઈને ત્રાટકે છે ત્યારે એને સારા-ખોટાનું વિવેકભાન રહેતું નથી. એમાં પણ મોદી જેવા અતિમહત્ત્વાકાંક્ષી અને પૂર્ણ પણે સ્વકેન્દ્રિત રાજકારણીને એમની પાર્ટીએ અભરામ નંદાવે સંભવિત વડાપ્રધાનપદું લખી આપ્યું હોય ત્યારે એ કોઈ મર્યાદાઓ જાળવે એવી અપેક્ષા જ વધુ પડતી ગણાય. સામે પક્ષે રાહુલ ગાંધી પણ આક્રમક મુદ્રા ધારણ કરવાની મથામણ કરતા રહે છે. ઍંગ્રી યંગમેન તરીકેની છાપ ઊપસાવી તેઓ મોદી કરતાં વધુ સક્ષમ અને યુવાન છે, આદર્શો અને સિદ્ધાંતોમાં તથા ત્યાગ અને બલિદાનમાં માને છે તથા દેશ માટે પોતાનાં પૂર્વજોની માફક શહીદ થઈ જવા તૈયાર છે, એવી મૂહી ઊંચેરી ઈમેજ ઊભી કરવા પ્રયત્ન કરતા રહે છે. રાહુલ પાસે મોદી જેવી ભાષા સૂઝ કે અનુભવ અને વાક્છટા નથી .પરંતુ ગાળાગાળી માટે ક્યાં કોઈ ભાષા વૈભવની જરૂર પડે છે? એમણે મોદીની પાર્ટીને 'ચોર પાર્ટી' કહીને ચૂંટણી પંચની ખફગી વહોરી લીધી છે. પોતે શાહુકાર અને બીજા ચોર-એવો અભિગમ મોદી પણ ધરાવે છે અને રાહુલ પણ એ જ લાઈન ચલાવે છે! 'શાહજાદા' અને 'સાહેબજાદા' વચ્ચે આ મુદ્દે જબરું સામ્ય છે. મોદીએ રાહુલને 'શાહજાદા' કહેવાનું છોડ્યું નથી, કારણ કે એમ કહીને એમને ઈસ્લામિક કલ્ચર સાથે જોડી પોતે હિંદુત્વના હીરો છે, એવો મેસેજ પહોંચાડી શકાય છે. કૉંગ્રેસની મુસ્લિમ તુષ્ટીકરણની નીતિ અને વંશાનુગત રાજકારણનો સંકેત આ 'શાહજાદા'માં સમાઈ જાય છે, તો સામે પેલી યુવતીની જાસૂસી પાછળ 'સાહેબ'નો આદેશ હોવાનું પ્રસ્થાપિત થતાં દિગ્વિજયસિંહે મોદીને 'સાહેબજાદા' તરીકે સંબોધીને ફટકો માર્યો છે. શાહજાદા અને સાહેબજાદા આખરે તો સત્તા ભૂખ્યા રાજકારણીઓનાં જ પ્રતીકો છે- એ એક જ માળાના મણકા છે. પ્રજાએ બેઉને બરાબર ઓળખી લેવાની જરૂર છે.

રોટરી ક્લબ આયોજિત બાળ ચિત્ર સ્પર્ધામાં ૧૮૦૦ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૪

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને કલરવ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય લલીતકલા અકાદમી



અને જેસીસના સહકારથી પર્યાવરણ વિષય પર આજરોજ તા. ૨૪ નવેમ્બર રવિવારે ટાઉનહોલ સામેની લોનમાં ડ્રોઈંગ કોમ્પીટીશન સ્પર્ધા યોજાઈ હતી.

પર્યાવરણની થીમ આધારિત ચિત્ર સ્પર્ધા કુલ ત્રણ કેટેગરી અલગ-અલગ ધોરણ મુજબ ગોઠવવામાં આવી હતી. સ્પર્ધામાં ૧૮૦૦ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સવારે ૭ વાગ્યાથી ટાઉનહોલ સામેની લોન ખાતે પોતાના વાલીઓ બાળકો લઈ ઉપસ્થિત થઈ રહ્યા હતા.

ડ્રોઈંગ સ્પર્ધામાં ભાગ લીધેલા દરેક સ્પર્ધકને ચિત્ર દોરવા માટે ડ્રોઈંગશીટ, કલર પેન્સિલ, શાર્પનર, રબ્બર અને સ્કેલની એક કીટ આપવામાં આવી હતી. પર્યાવરણની થીમ ઉપર યોજાયેલ સ્પર્ધામાં કેટેગરી એકમાં ધો. ૩-૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રથમ મહેક શાહ દ્વિતીય ધૈર્ય પરમારકર તૃતીય આંશિ ગાંધી તેમજ આશ્વાસન ઈનામ કેલી શાહ અને નિસર્ગ શાહ વિજેતા રહ્યા હતા. જ્યારે કેટેગરી-૨ માં ધો. ૫-૬ પ્રથમ રિમ્સી જૈન દ્વિતીય સેજલ ઠક્કર અને તૃતિય ધારા ભાવસાર વિજેતા થયેલ અને કેટેગરી-૩માં ધો. ૭, ૮, ૯માં પ્રથમ રાશી જૈન દ્વિતીય રોશની દેસાઈ અને તૃતિય વિમી પટેલ વિજેતા થયા હતા.

સમગ્ર સ્પર્ધા દરમ્યાન નિર્ણાયકોમાં ઉમાબા સોલંકી, વૈશાલીબેન ભાભરિયા, અમરસિંહ, વિપિનભાઈ શથવારા, અદિતી મિત્તલ, તૃપ્તિ સુથાર, રમેશભાઈ પરમાર, હિમાંશુ પંડીત અને મેઘાબેન પારેખ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ રોટરી ક્લબના રાહુલ મહેતા, એચ.એમ. પટેલ, સમીર ત્રિવેદી, કલરવ સંસ્થાના આશીષ પટેલે સ્પર્ધામાં ઉપસ્થિત બાળકો અને વાલીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આજથી ગુજ.યુનિવર્સિટી દ્વારા બીજા તબક્કાની પરીક્ષા લેવાશે

બેચલર અને માસ્ટર ડિગ્રી ઉપરાંત જુના અભ્યાસક્રમને બીઈ અને બી.આર્કિટેકની પણ પરીક્ષા આજથી લેવાશે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત યુનિવર્સિટીની બીજા તબક્કાની પરીક્ષાનો આવતીકાલથી પ્રારંભ થશે. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ યોજાનાર આ પરીક્ષાની હોલ ટિકિટ નેટ પરથી ડાઉનલોડ કરી શકાય છે. ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી હસ્તક બેચલર એન્જિનિયરીંગ અને બેચલર ઓફ આર્કિટેકના અભ્યાસક્રમની પૂરક પરીક્ષા પણ આવતીકાલથી શરૂ થશે. આ પરીક્ષામાં યુનિવર્સિટી સંલગ્ન સવા લાખ જેટલા વિદ્યાર્થીઓ બેસશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીસીએ, બીબીએ, બીએ, બીકો, બીએસઈના સેમીસ્ટર પાંચ અને એમએ, એમકોમ, એમએસીના સેમીસ્ટર ત્રણની પરીક્ષા આવતીકાલથી શરૂ થશે. આ પરીક્ષામાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના સવાલાખ વિદ્યાર્થીઓ ભાગ લેશે. પરીક્ષામાં ગેરરીતિ રોકવા માટે સઘન ચકાસણી કરવા યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા રુટિન સ્કવોર્ડની વ્યવસ્થા કરવામાંઆવી છે. આ ઉપરાંત સ્પેશિયલ સ્કવોર્ડમાંપાંચ ટીમોબનાવાઈ છે. જ્યારે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થાની તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવાઈ છે. આ પરીક્ષાઓ ઉપરાંત વારંવાર પરીક્ષા આપવા છતાં અને ઈજનેરી અભ્યાસક્રમ જીટીયુમાં ભળી જવા છતાં હજુ સુધી ગુજરાત યુનિવર્સિટીમાં બેચલર ઓફ એન્જિનિયરીંગની પરીક્ષા પાસ ન કરી શકનાર બીઈ તથા બી.આર્કિટેકની પરીક્ષા પણ આવતીકાલથી શરૂ થશે જેમાં તમામ બ્રાંચના ૭૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

દરેક ગામમાં પુસ્તકાલય ભવનો તૈયાર કરાશે : વોરા

અમદાવાદ, તા.૨૪

રાજ્યના યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના ગ્રંથાલય ખાતા દ્વારા ગુજરાતના જાહેર ગ્રંથાલયો માટે રાજ્ય સરકાર અને રાજા રામમોહનરોય લાયબ્રેરી ફાઉન્ડેશન, કલકત્તાની વિવિધ મેચીંગ અને નોન મેચીંગ આર્થિક સહાયની યોજનાઓના પરિચય અને અમલીકરણ વિષયક રાજ્યકક્ષાનો એક દિવસીય પરિસંવાદ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને તેમજ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ ભાગ્યેશ જહાના મુખ્ય મહેમાન પદે આજે ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. મંત્રી રમણલાલ વોરાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક ગામમાં જેમ મંદિર, મસ્જિદ, આંગણવાડી તેમજ પ્રાથમિક શાળાના ભવનો છે તેમ પુસ્તકાલયના ભવનો પણ તૈયાર થવા જોઈએ. ગામના સર્વે પ્રજાજનોને આ અભિયાનમાં સાંકળી લેવા વિવિધ પ્રયત્નો કરવા જોઈએ. આ અભિયાનમાં ઉપસ્થિત રાજ્યના ગ્રંથપાલોને સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિને રાજ્યના ગ્રામિણ સ્તર તેમજ શાળા, કોલેજો, યુનિવર્સિટી ખાનગી ગ્રંથાલયો સુધી વિસ્તારવા મંત્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. પરિસંવાદમાં યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જહાએ કહ્યું હતું કે, આજના ટેકનોલોજીના યુગમાં ઈ-બુક્સ થકી દરેકે વાંચનની ટેવ વિકસાવવી જોઈએ. તેમણે ગામે ગામ સુધી આ અભિયાન પહોંચાડવા સતત પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો હતો.

રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનો વિકાસ અને વિસ્તાર ઝડપી અને સર્વગ્રાહી બને તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે મંત્રીના હસ્તે ગ્રંથાલય ખાતાના સને ૨૦૧૨-૧૩ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ ગ્રંથાલય ખાતા દ્વારા તૈયાર કરાયેલ રાજા રામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશન અને રાજ્ય સરકારની વિવિધ આર્થિક સહાયની યોજનાની માહિતી પુસ્તિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. એક દિવસીય પરિસંવાદમાં રાજ્યના ૩૦૦થી વધુ સાર્વજનિક ગ્રંથાલયના ગ્રંથપાલો-ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી ગ્રંથાલય પદ્ધતિ થકી વાંચક વર્ગની સંખ્યામાં વધારો થાય તે વિષય પર ચર્ચા-વિચારણા અને આયોજન કર્યું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન ગ્રંથાલય નિયામક ડો. વર્ષાબહેન મહેતાએ કર્યું હતું.

હરિની દૃષ્ટિ...

બહેન, તમારે તમારા હસબન્ટને ટોપી પહેરાવવી છે કે, એમણે કોઇકને... એ કહો પછી બતાવું...!

ગાંધીનગરની એલ.ડી.આર.પી. કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં વિજયી પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આયોજીત સ્પોર્ટસ સ્પિરીટ-૨૦૧૩ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની એલ.ડી.આર.પી. કોલેજના ખેલાડીઓએ વિવિધ રમતોમાં વિજયી પ્રદર્શન કર્યું હતું.

ટૂર્નામેન્ટમાં ગાંધીનગર ઝોનની ટેબલ-ટેનિસ ટૂર્નામેન્ટમાં ભાઈઓ અને બહેનોની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભાઈઓની ટીમ રનર્સઅપ અને બહેનોની ટીમ વિજયી બની હતી. ઉપરાંત વોલીબોલ રમતમાં ૩૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ પાટણની ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજને હરાવી ગાંધીનગરની ટીમ વિજયી થઈ હતી.

ટૂર્નામેન્ટમાં ઈન્ટરઝોન સ્પર્ધામાં ગાંધીનગરના અંકિત સિંઘે ઉદયપુર ખાતે કોસ કનટરીમાં, સિદ્ધરાજ સિંઘવે ઉદયપુર ખાતે ફૂટબોલમાં, ચરિત ઉપાધ્યાય અને સ્મિત ભલાલાએ અમૃત સરખાતે પ્રતિનિધિત્વ કર્યું હતું. કોલેજના ખેલાડીઓએ વિજયી પ્રદર્શન કરતા એથ્લેટીક સ્પર્ધામાં ઉપકારસિંઘ જવેલીન થ્રોમાં દ્વિતીય લીંગ જમ્પમાં કૃષ્ણા પટેલે તૃતીય, જૈનુલ પટેલે શોર્ટપુટમાં તૃતીય અને ઉપકાર સિંઘે શોર્ટ પુટમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ટૂર્નામેન્ટમાં એલ.ડી.આર.પી. કોલેજના વિદ્યાર્થીઓએ અનેક રમતમાં વિજયી પ્રદર્શન કરતા કોલેજના આચાર્ય ગાર્ગી રાજપરા, ડાયરેક્ટર નૌરીન જે. વયના તેમજ કોલેજ પરિવારે અભિનંદન આપ્યા છે.

કાયદાઓ ઘણાં હોય પરંતુ સ્ત્રીઓ પોતે જ જાગૃત થવું પડશે અને આવી જાગૃત સ્ત્રીને ત્વરીત રાહત માટેનો કાયદો એટલે ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ

ગત્ અંકમાં આપણે ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટની ચર્ચામાં સંદર્ભમાં 'રક્ષણ અધિકારી' વિશે સમજ મેળવી રહ્યા હતા. આ રક્ષણ અધિકારી શા માટે નીમવામાં આવ્યા છે? પ્રશ્ન એ ઉદ્‌ભવે કે વ્યથિત સ્ત્રી એટલે કે વિવાદમાં ઘેરાયેલ સ્ત્રીને શું સ્વજનો રક્ષણ પુરૂં પાડી ન શકે? આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. રચનાના કેસની જ ફરીથી વાત સમજીએ તો -

રચનાને તેના માતા-પિતા રક્ષણ પુરૂ પાડી શકે. વળી રચના સાસરીના બંગલામાં એકલી રહે તો રચના ભાભી, માતા કે કોઇ પણ સ્વજનો પણ સાથે રહે અને સધિયારો આપે, પરંતુ જો એમ બને તો અજય ખોટી રીતે રચનાના ઘરના સભ્યો વિરૂદ્ધ કેસ દાખલ કરી શકે. આ તો થઇ રચનાની વાત કે જે અજયને બંગલા બહાર રાખવા માંગે છે. પરંતુ અનેક બહેનો એવી પણ છે કે જેઓ પતિ-પત્ની સાથે એક જ ઘરમાં રહેતા હોય અને પત્નીને તેનો પતિ કોઇ પણ ક્ષણે મારશે તેવી બીક હોય. વળી એવી પણ ડર હોય કે પત્ની એ ઘરમાં કાંઇ બોલવાનું નહીં. જો પત્ની કાંઇ પણ બોલે અથવા કોઇ પણ બાબતમાં વિરોધ તો દૂર માત્ર અભિપ્રાય વ્યક્ત કરેતો પણ પતિ છંછેડાઇ જાય. અરે! એક કેસમાં તો પતિ ગુસ્સે ભરાયો અને ઘરની કેટકેટલી ચીજવસ્તુઓ તોડી નાંખી. આવા સંજોગો હોય છતાં પરિણિત સ્ત્રી ઘર છોડવા ન માંગતી હોય. ઘર ન છોડવાનું કારણ ઘણીવાર માતા-પિતાની ગરીબી હોય તો વળી કોઇને અન્ય આશ્રય સ્થાન પણ ન હોય. કોઇક સ્ત્રીને બાળકોનાં ભવિષ્યની ચિંતા રહેતી હોય અને માત્ર બાળકોને કારણે બધો જ ત્રાસ સહન કરી લે. એક વિસ્તારમાં અવારનવાર જવાનું થતું, તમામ સ્ત્રીઓનાં પતિ મોટા ભાગે માર મારવાની ટેવવાળા. જ્યારે માર ખાઇ લેવાનું કારણ તેઓને પૂછ્યું તો કહે કે અમારા કોમમાં અમને છોકરીઓને ભણાવતા થી. કોલેજમાં તો જવાય જ નહીં. છોકરીઓ ન ભણે એવું નહીં, દીકરાઓ પણ ઉચ્ચ અભ્યાસમાં જતા નથી. લગભગ પરિવારો પરચૂરણ મજૂરી કરીને ગુજરાત ચલાવે છે અને આ સ્થિતિમાં સાસુએ સસરાનો માર ખાધો હોય અને માર ખાવાની અને માર મારવાની પરંપરા ઉત્તરોત્તર ચાલતી આવે. એવું લાગે કે કાયદાઓ ઘણાં હોય પરંતુ સ્ત્રીઓ પોતે જ જાગૃત થવું પડશે અને આવી જાગૃત સ્ત્રીને ત્વરીત રાહત માટેનો કાયદો એટલે ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ.

ચાલો આપણે આ કાયદાની કલમોને વિગતવાર સમજીએ.

સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો, ૨૦૦૫ ના કાયદાના બીજા પ્રકરણ એટલે કે કલમ - ૩ માં ખાસ જોગવાઇઓ કરીને ઘરગથ્થું હિંસામાં વ્યાપને તેમજ વ્યાખ્યાને ખૂબ જ સ્પષ્ટ કરી દેવામાં આવેલ છે. એમ લાગે છે કે ખાસ કરીને ઘરગથ્થું હિંસા કાયદામાં કેન્દ્ર સ્થાને છોય. આ શબ્દના વ્યાપને ખૂબ જ સ્પષ્ટ કરી દેવામાં આવેલ છે અને સવિશેષ રીતે ઇજાઓ, સલામતી, જીવન કલ્યાણ વિષયક બાબતો કે શારીરિત - માનસિક ત્રાસ કે તત્કાલ રીતે અમલમાં આવતો ભય, ધમકીઓ, જાતીય સતામતીઓ કે સંવેદનાત્મક, ઢેરાનગતિઓ જેવી બાબતો આવરી લેવામાં આવે છે.

સ્ત્રીને કરવામાં આવતી ઇજા કે જેથી તેણીનું સ્વાસ્થ્ય, સલામતી, જીવન ભયમાં મૂકાય, આ પ્રકારની ઇજા શારીરિક, માનસિક હોઇ શકે અથવા સામો પક્ષકાર આવું વર્તન કરવા ઇચ્છતો હોય, જેમાં શારીરિક દુરપયોગ, જાતિય દુરૂપયોગ, શાબ્દિક લાગણીકીય દુરપયોગનો સમાવેશ થાય છે

અલબત્ત એક બાબત ખૂબ જ સ્પષ્ટ છે કે કઇ બાબતને કે વ્યવહારને કે સામાવાળાની વર્તણૂંકને ઘરગથ્થું હિંસામાં વ્યાપમાં આવરી લેવી તેનો કાયદામાં સમાવેશ થાય છે. સમગ્રપણે હકીકતલક્ષી બાબતો તેમજ સાંયોગિક વ્યવસ્થાઓ એટલે કે ઘટનાની આજુબાજુ સર્જાયેલા સંજોગોને ધ્યાનમાં લેવા અર્થેની જોગવાઇ પણ આ કાયદામાં છે.

● કલમ - ૩ : ઘરેલું હિંસાની વ્યાખ્યા

આ કાયદાના હેતુઓને લક્ષમાં લેતા સામા પક્ષકાર દ્વારા કરવામાં આવતું કોઇ પણ કૃત્ય, વર્તન જેમ કે,

(એ) સ્ત્રીને કરવામાં આવતી ઇજા કે જેથી તેણીનું સ્વાસ્થ્ય, સલામતી, જીવન ભયમાં મૂકાય, આ પ્રકારની ઇજા શારીરિક, માનસિક હોઇ શકે અથવા સામો પક્ષકાર આવું વર્તન કરવા ઇચ્છતો હોય, જેમાં શારીરિક દુરપયોગ, જાતિય દુરૂપયોગ, શાબ્દિક લાગણીકીય દુરપયોગનો સમાવેશ થાય છે.

(બી) કોઇ પણ ગેરકાયદેસર માંગણીની પૂર્તિ માટે, જેવી કે દહેજ, સંપત્તિ, કિંમતી જામીનગીરી સંદર્ભે તેણીને આપણા માટે દબાણ કરવા સામાવાળો પક્ષકાર સ્ત્રીને હેરાન કરે, ઇજા કરે, જીવન ભયમાં મુકે.

(સી) વ્યથિત સ્ત્રીને ધમકી આપે કે કલોઝ (એ) તથા (બી) માં વર્ણવ્યા મુજબનું વર્તન કરે.

(ડી) ભોગ બનનાર સ્ત્રીને શારીરિક / માનસિક રીતે નુકશાન કરે / ઇજા પહોંચાડે.

● સ્પષ્ટીકરણ :

(૧) શારીરિક દુરપયોગ :

સામાવાળા દ્વારા કરવામાં આવેલ એવું કૃત્ય કે જેનાથી સ્ત્રીને શારીરિક પીડા, નુકશાન તેમજ સ્વાસ્થ્ય અને જીવનને જોખમ, તેના પરિણામ સ્વરૂપ સ્વાસ્થ્ય તેમજ વિકાસમાં અવરોધ ઉદ્‌ભવે તેમાં હુમલો, ફોજદારી બળનો પણ સમાવેશ થાય છે.

(૨) જાતીય દુરપયોગ :

કે જેમાં જાતીય સ્વરૂપનું એવું કૃત્ય કે જેનાથી તેનો દુરપયોગ થાય, અપમાન થાય, સ્ત્રીના ગૌરવનું હનન થાય.

(૩) શાબ્દિક અને સંવેદક દુરૂપયોગ :

(એ) અપમાન, ઉતારી પાડવાના હેતુથી મજાક કરવી, અપમાનજક સ્થિતિમાં મુકવું, બાળક કે છોકરો ન હોવાને કારણે એવા શબ્દોથી મજાક કરી હાંસી ઉડાવવી.

(બી) ભોગ બનનાર સ્ત્રી જેમાં રસ હોય, લાગતું વળગતી હોય તેવી વ્યક્તિને શારીરિક પીડા આપવાની ધમકી આપવી.

(૩) આર્થિક દુરૂપયોગ એટલે સ્ત્રીને એવા આર્થિક સ્રોતોથી વંચિત કરવી કે જે સ્રોતો એ સ્ત્રી કાયદા / રૂટી અંતર્ગત મેળવવા અધિકૃત રીતે હક્કદાર હોય અથવા કોર્ટના હુકમ મુજબ પણ તેણીને મળવા પાત્ર હોય અથવા જે ભોગ બનનાર સ્ત્રીની જરૂરિયાત હોય પરંતુ તે માત્ર સ્ત્રી તથા બાળકની ઘરગથ્થું હિંસા પુરતી જ મર્યાદિત નથી પરંતુ તેમાં સ્ત્રીધન તેમજ ભોગ બનનાર સ્ત્રીને સંયુક્ત વિભક્ત સંપત્તિ તેમજ મજીયારા ઘરના ભાડાની ચૂકવણી તેમજ ભરણપોષણ વગેરે તમામ સ્રોતોથી વંચિત કરવી.

(એ) ઘરનું વેચાણ કરવું, તેમજ એવી સંપત્તિ કે જે સ્થાવર, જંગલ સ્વરૂપની હોય, કિંમતી જામીનગીરી, શેરો, સિક્યોરીટી, બૉંડ અને એવી અન્ય પ્રકારની સંપત્તિ કે જેમાં ભોગ બનનાર સ્ત્રી હક્ક-હિત ધરાવતી તથા ઘરેલું સંબંધોને કારણે પણ તેનો ઉપયોગ કરવા અધિકૃત રીતે હક્કદાર હોય અથવા ભોગ બનનાર સ્ત્રી તથા તેણીનું બાળકની જે વ્યાજબી જરૂરીયાત હોય અથવા તેણીનું સ્ત્રી ધન તેમજ ભોગ બનનાર સ્ત્રી કે જે સંપત્તિમાં સંયુક્ત કે વિભક્ત રીતે હીત ધરાવતી હોય તેવી સંપત્તિનો નિકાલ કરવો.

(બી) ભોગ બનનાર સ્ત્રી અન્યાય જે આર્થિક સ્રોતો કે સુવિધાઓનો ઉપયોગ કરવા, ઉપભોગ કરવા, માણવા માટે ઘરેલું સંબંધોને અધિકૃત બનેલ હોય જેમાં મજીયારા ઘર સંદર્ભે આકારણીનો પણ સમાવેશ થાય છે.

કાયદાની વિશેષ કલમો સાથે અને ઉદાહરણો સાથે મળીને આવતે અંકે...

સ્ત્રીને કરવામાં આવતી ઇજા કે જેથી તેણીનું સ્વાસ્થ્ય, સલામતી, જીવન ભયમાં મૂકાય, આ પ્રકારની ઇજા શારીરિક, માનસિક હોઇ શકે અથવા સામો પક્ષકાર આવું વર્તન કરવા ઇચ્છતો હોય, જેમાં શારીરિક દુરપયોગ, જાતિય દુરૂપયોગ, શાબ્દિક લાગણીકીય દુરપયોગનો સમાવેશ થાય છે

મહિલા સમાજ અને કાયદો : અંક-૧૯

ડૉ. ભાવના કે. જોશીપુરા